GJBK010007772026

**<u>આંક–૧ તળે હુકમ</u>**

(૧) સાંભળ્યા, અરજી તથા સાથે સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારોએ હાલની અરજી ફીકસ ડીપોઝીટોની મુદત પુર્ણ થયેલ હોય અને તેઓ હાલમાં પુખ્ત વયના થઇ ગયેલ હોય ફીકસ ડીપોઝીટની રકમ ઉપાડાવા માટે અરજ કરેલ છે. રજીસ્ટ્રી તરફથી આ કામે કોઇ અપીલ કે રીવીઝન થયેલ નથી તેવો અરજદારની અરજી હેઠળનો શેરો વંચાણે લીધો. અરજદારે પણ તેઓની રજુઆતમાં એવોર્ડ સામે કોઇ અપીલ થયેલ નથી તેમ જણાવેલ છે.

(૩) વધુમાં આ કામે અરજદાર નં.૧.૪ તથા અરજદાર નં.૧.૫ નાઓ સગીર છે પરંતુ તેઓઓના લાભાર્થે સદરહું ફીકસ ડીપોઝીટો તોડી આપવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે, સામાવાળાઓએ કોઇ અપીલ કરી હોય કે તેમની અપીલ ઉપર ઉપરી કોર્ટનો કોઇ સ્ટે હોય તેવી રજુઆત નથી. ફીકસ ડીપોઝીટની રસીદ જોતાં, તમામ ફીકસ ડીપોઝીટની પાંચ વર્ષની મુદત તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મુદત પુર્ણ થઇ ગયેલ છે. સદરહું કામે અરજદાર નં.૧.૪ તથા ૧.૫ તરફે તેઓ સગીર હોવાથી તેઓના લાભાર્થે સદરહું નાણાં ચુકવી આપવા રજુઆત કરેલ છે જે રજુઆત ગ્રાહય રાખવામાં આવે છે.આ તમામ સંજોગો ધ્યાને લઇ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર નં.૧.૧–મસરીદેવી હમીરરામ કોળી, અરજદાર નં.૧.૨–રમીલાદેવી ડો.ઓ. હમીરરામ કોળી, બંને અરજદાર નં.૧.૧ તથા ૧.૨ રહે.પીથાપુરા,જી.શિરોહી તથા અરજદાર નં.૧.૩–પંકેશકુમાર હમીરરામ કોળી, અરજદાર નં.૧.૪–આકાશકુમાર હમીરરામ કોળી,

તથા અરજદાર નં.૧.૫–આરતીકુમારી હમીરરામ કોળી, અરજદાર નં.૧.૩ થી ૧.૫ તમામ રહે. કંબોડીયા ખેડા, ભટાણા,જી.શિરોહી તથા અરજદાર નં.૨–મસરીદેવી હમીરરામ કોળી, રહે.પીથાપુરા, જી.શિરોહીવાળાના નામે ઇન્ડીયન બેંક, પાલનપુર શાખામાં ફીકસ અનુક્રમે ડીપોઝીટ રસીદ નં.૫૪૫૩૦૫, ૫૪૫૩૧૩, ૫૪૫૩૧૬, ૫૪૫૩૧૭, ૫૪૫૩૧૪ તથા ૫૪૫૩૧૫ જેની રકમ અનુક્રમે રૂ.૭૭,૮૦૯/–, રૂ.૭૭,૮૦૯/–, રૂ.૭૭,૮૦૯/–, રૂ.૧,૧૧,૧૫૮/–, રૂ.૧,૧૧,૧૫૮/–, તથા રૂ.૩,૮૯,૦૪૬/– ની ફીકસ ડીપોઝીટો કરેલ જેની વ્યાજ સહીત મળવાપાત્ર રકમ અરજદારોની જરૂરી ઓળખ લઇને અરજદારોને નાણાં પરત આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સગીર અરજદાર નં.૧.૪–આકાશકુમાર હમીરરામ કોળી તથા અરજદાર નં.૧.૫–આરતીકુમારી હમીરરામ કોળીના નામે જે ફીકસ ડીપોઝીટના નાણાં છે તે સગીરોના હીતમાં વાપરવાના રહેશે.

૪. હુકમ મુજબ બેંકને ચાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર

તા.૧૦/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા–પાલનપુર
જી.જે.૦૦૮૦૩